# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૧૫ • સળંગ અંક : ૬૬ • તા. ૧૪ સપ્ટેમ્બર થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# ગુરૂદેવશ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.નો ૮૮મો જન્મોત્સવની ઉલ્હાસભેર ધર્મઆરાધના



સવાલો કદી મરતાં નથી,
જવાબો કોઈને ગમતાં નથી,
ખુશીથી જીવન જીવી લે સાહેબ,
આંસુતો આંખોને પણ ગમતાં નથી



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જીવનમાં આવતો સંઘર્ષ જુસ્સો વધારે છે

જીવન દરમ્યાન આવતો સંઘર્ષ એ આપણા કર્મની ભેટ છે, એવી રીતે સ્વીકાર કરવો જોઈએ. દરેક વ્યક્તિ અંતરથી ઈચ્છતી હોય છે કે પોતાની જીંદગી એકદમ આરામ દાયક અને ખુશીઓથી ભરપૂર હોય. જીવનની દરેક પળોમાં આપણને આનંદ, ઉમંગ અને ઉત્સાહ ભર્યો માહોલ અખૂટ મળતો રહે. મંઝિલ તરફ જતો માર્ગ સરળ, સપાટ અને મુસીબત વગરનો હોય. પણ આ ઈચ્છા, કામના જો ખરોખર સાચી પડતી હોય તો? પણ, જીવન આપણી ઈચ્છાઓ આકાંક્ષા અને સ્વપ્નાઓથી નથી ચાલતું. જીવનમાં બધું સરળતાથી મળે એ પણ શક્ય નથી. દરેકની જીંદગી અલગ અલગ છે. જવલ્લેજ કોઈ એવો ભાગ્યશાળી હશે જેને બધું સહજતાથી મળી જતું હશે. બહુધા જણ એવા હોય છે. જે સફળ થવા માટે આકરો સંઘર્ષનો સામનો કરતા હોય છે. નિષ્ફળતા અને પડકારોને પરાજિત કરી મંઝિલ પામનાર જ આખરે સિદ્ધિઓને પામનાર સિકંદર છે.

સરળતાથી કે આસાનીથી મળતી કોઈપણ જણસ કે સિદ્ધિની કદર હોતી નથી. શ્રમ અને સાધના પશ્ચાત મળેલી સફળતા જ શિર પર મુકુટની જેમ શોભે છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાં જેટલાં નબળાં છીએ તો એ મેળવવા માટે આપણને અતિમુશ્કેલી થવાની જ છે. સંઘર્ષો જ આપણને સાહસ માટે પ્રેરણા આપે છે. સંઘર્ણ જ આપણને ખરેખર આગળ ધપતાં રાખે છે. સંઘર્ષ વિના કોઈપણ વ્યક્તિનો વિકાસ ન થઈ શકે એ હકીકત છે. સંઘર્ષ ને જોઈ પાછી પાની કરે એ સાહસિક નથી. એ લડ્યા વગર પરાજીત સ્વીકારી લેનાર નબળો સિપાઈ છે. શરણાગતિ પામનાર સૈનિક છે. જે ક્યારે જંગમાં જીતી શક્તો નથી. આખરે તો પરાક્રમી જ પોતાની સફળતાના મારગને સરળ બનાવી શકે છે.

આપણું જીવન કેવા અને કેટલાં સંઘર્ષોથી પસાર થયું છે. તેને પાર કરવા કેવાં અને કેટ કેટલા કોઠા વીંધયા છે તે જ બીજાને માટે પ્રેરણા દાયક બની શકે છે. અન્ય માટે ઉદાહરણ રૂપ થઈ શકે છે. નાના બાળકને કોઈ સહજ રીતે કોઈ ચીજ હાથમાં પકડાવી દે એ રીતે સફળતા હાથવેંત મળતી રહેતો સંઘર્ષ શું છે. એનો પણ આપણને ક્યારે ખ્યાલ મળશે નહીં. બીજાઓના અનેક સંઘર્ષો ભરી જીવન ગાથામાં રસ ધરાવીએ છીએ પણ ખુદ પોતાની સંઘર્ષ ભરી દાસ્તાન સામે લડવાનું આપણે પસંદ કરતા નથી. વાસ્તવિક્તા સામે લડનાર જ આખરે પરિસ્થિતિ બદલી શકે છે.

નદી ક્યારે એવું નથી વિચારતી કે દરિયો કેટલો દૂર છે. એતો સાગરમાં સમાવવાની તત્પરતા તાલાવેલીમાં પોતાની સામેની અડચણોને પાર કરતી આગળ વધતી રહે છે અને આખરે પોતાની મંઝિલને પામે છે. સંઘર્ષો જ આપણા સપનાઓ માટેનો રસ્તો બનાવે છે. મંઝિલ સુધી પહોંચવાનું ઝનૂન જ સંઘર્ષોને પાર કરવાનુ સાહસ આપણામાં પેદા કરે છે. માટે જ સંઘર્ષ આવે એ જરૂરી છે. એનાથી આપણામાં જોમ, જુસ્સો જાગે છે અને પથમાં આગળ વધવાની પ્રેરણા મળે છે.

– જય જ્ઞાતિમૈયા

# ગુરૂદેવશ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.નો ૮૮મો જન્મોત્સવની ઉલ્હાસભેર ધર્મઆરાધના




તા. ૧૩ સપ્ટેમ્બર શુક્રવારના દિવસે કચ્છના નાના રતાડિયા ગામે ચર્તુર્વિધ સંઘના સહભાગથી જિનશાસન શિરોમણી તપ ચક્રવર્તી સળંગ ૫૩/૫૩માં વર્ષીતપના આરાધક અચલગચ્છાધિપતિ આ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.નો ૮૮ મો જન્મોત્સવ કચ્છના નાના રતાડિયા ગામે અતિ ઉત્સાહથી અને ભવ્યાતિ ભવ્ય રીતે યોજાયો હતો અને ધર્મ આરાધનાઓ થઈ હતી. સકળ સંઘના બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકાઓની સાથે કચ્છના સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા, ગુજરાત સરકારના માજી મંત્રી તારાચંદ છેડા વિગેરે મહાનુભાવો હાજર રહી ગુરૂભક્તિનો લાભ લીધો હતો.







**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શાઈનીંગ સ્ટાર પાઠશાળાની આદિપુરમાં શુભ શરૂઆત થઈ



શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંચાલિત શાઈનીંગ સ્ટાર પાઠશાળાની સમ્યગ જ્ઞાન રૂપી ગાડીમાં વધુ એક કોચનું ઉમેરણ થયું. પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં કચ્છના આદિપુર નગરમાં ધર્મ, જ્ઞાન અને ભક્તિનો ખજાનો વહેરતા નવા સેન્ટરનું શુભ શરૂઆત થઈ. સંઘના બાળકો, યુવાનો આ શાઈનીંગ સ્ટાર પાઠશાળાનો લાભ સંસ્કાર પ્રેરિત પામી જૈન ધર્મની મશાલ ઉજ્જ્વળ રીતે પ્રકાશિત કરશે જે સૌને ગર્વ કરાવશે.









# વસઈ જૈન સંઘમાં તપસ્વીઓની સાંજી બહુમાન અને મહેંદી રસમ ભવ્યતાથી થયા









તા. ૭ સપ્ટેમ્બર શનિવાર રોજે વસઈ અચલગચ્છ જૈન સંઘમાં આધ્યાત્મ યોગી ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા.અને યુવામુનિ ગુણવલ્લભ સાગરજી મ.સા. આદિઠાણાની પુનીત નિશ્રામાં ૧૨૦૦ થી અધિક મહાનુભાવોની પ્રમુખ ઉપસ્થિતિમાં તપસ્વીઓની માટે શાનદાર સાંજી અને તપસ્વી બહુમાન તેમજ મહેંદી રસમનો કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન થયો.



## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ગોરેગામ સંઘમાં ગુરૂ ગુણ છત્રીસ સહ વીસ સ્થાનક આરાધનાનું ધર્મમય આયોજન થયું



તા. ૧૩ સપ્ટેમ્બર શુક્રવારના દિને ગોરેગાંવ અચલગચ્છમાં પ.પૂ. સાધ્વીજી હિતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી નિર્મીત ગુણાશ્રીજી મ.સા.ની પાવનભરી નિશ્રામાં જિનશાસન શિરોમણિ તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના ૮૮મા જન્મદિવસની નિમિત્તે ગુરૂગુણ છત્રીસી સહવીસ સ્થાનક આરાધના ધર્મ અને ભક્તિના માહોલમાં કરાઈ હતી. સકળ સંઘના બહોળી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓની સહભાગ ભરી હાજરી રહી હતી અને સૌએ આરાધનામાં પૂર્ણ ઉમંગ અને ઉત્સાહથી જોડાઈ ગુરૂ વંદનાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.









# આદિપુર સંઘમાં સિદ્ધિતપના તપસ્વીઓની અનોખી અનુમોદના






આદિપુર નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલી શ્રીજી મ.સા.ની ધન્યતા ભરી નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી વીતરાગશીલાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યશીલાશ્રીજી મ.સા.ના સિદ્ધિતપ નિમિત્તે તપસ્યા અનુમોદના અનુષ્ઠાનનું ભવ્ય આયોજન કરાયું. સંઘના શ્રાવક શ્રાવિકો આ અનુમોદના અનુષ્ઠાનમાં જોડાઈ અવસરને ધન્યતા બક્ષી હતી. નાનેરાને મોટા સૌ વિવિધ કલા કામણ રજૂ કરી પોતાના મનોભાવ વ્યક્ત કર્યા હતા.






# ખામગામ નગરે અરજણ ખીમજી નેશનલ હાઈસ્કૂલમાં નવા કલાસ રુમનું બાંધકામ મુર્હુત થયું







ખામગામ નગરમાં પ.પૂ. સાધ્વી ભગવંત સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં અગ્રણી શ્રેષ્ઠી અરજણ ખીમજી નેશનલ હાઈસ્કૂલમાં નવા કલાસરૂમનું બાંધકામ મુહુર્ત થયું. વિધાના પવિત્ર આમા સરસ્વતીના ધામમાં બાળકોના શિક્ષણ માટે સતત નવા નવા પ્રકલ્પ શરૂ કરી સુવિધાઓથી સજ્જ કરાઈ રહ્યાં છે. આવતી કાલના નાગરિકોની આ સંસ્કાર અને શિક્ષણ પીઠમાં બાળકો જ્ઞાન અને વિજ્ઞાનથી માહેર થઈ રહ્યાં છે.





# હુબલી સંઘમાં અર્હદ મહાપૂજનનું ધર્મમય આયોજન કરાયું





હુબલી મહાનગર જૈન સંઘમાં અજિતનાથ દાદાના દરબારમાં અદ્ભુત અનુપમ અને અલૌકિક શ્રી અર્હદ મહાપૂજનનો પ્રારંભ મહાતપસ્વી વાત્સલ્ય વારિધિ દક્ષિણરત્ન પ.પૂ. મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ઘર્મ પ્રભસાગરજી મ.સા આદિ ઠાણા-૩ ની પાવન કારી નિશ્રામાં ભવ્યતાથી થયો.











# હુબલી સંઘમાં અર્હદ મહાપૂજનનું ધર્મમય આયોજન કરાયું





વિવિધ દિવસે ધર્મ આરાધનાના આયોજન કરાઈ અદ્ભૂત માહોલ રચાયો હતો. સકળ સંઘના બહુસંખ્ય ભાવિકજનો, શ્રાવક શ્રાવિકાઓની હાજરીથી સંઘનો આંગણ ભવ્યતાથી ભક્તિ ભર્યું થયું હતું.












# ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં શાલીભદ્ર પેટીનો વરઘોડો



તા. ૮ સપ્ટેમ્બર રવિવાર દિને ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં શાલિભદ્રની પેટીનો વરઘોડો પ.પૂ. હિતગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સકળ સંઘ સાથે ભવ્યતાથી નીકળ્યો અને લાભાર્થી પરિવાર મંજુલાબેન વસંતલાલા લાપસિયા કોડાયના ઘરે વાજતે ગાજતે પગલાં કરવા પધાર્યા હતા. ચોધાર વરસતા વરસાદમાં પણ સંઘના સૌ ભાઈબહેનો આનંદ ઉમંગથી સહભાગી થયા હતા.





# શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપમાં અચલગચ્છાધિપતિનાં ૮૮ મા જન્મદિવસની ધર્મ આરાધના કરાઈ

શ્રી ક.દ.ઓ જૈન સંઘ ભાંડુપ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના સંયુક્ત આયોજનથી જિનશાસન શિરોમણિ તપ સમ્રાટ તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.નાં ૮૮મા જન્મદિવસના દિવસે ભાંડુપમાં ઈતિહાસ રચાયો. ૮૮ લાખ અર્હમના જાપ ચાતુર્માસીય બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રીજી ભગવંતશ્રી વિરાગ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણાના આહવાનને ઝીલીને સવા કરોડ જાપ ૧૨ દિવસમાં કરવાના અને ૫ દેશાવગાસિક સામાયિકની શુભ મંગલકારી શરૂઆત થઈ.

શ્રી ભાંડુપ સંઘની ઉપર ગચ્છાધિપતિના આશીર્વાદ વરસ્યા અને એક સાથે સાડાત્રણ કરોડ અર્હમના જામ ૧૭.૫ વર્ષમાં પૂરા કરનાર એવા ૧૧૫ ગુરૂભક્તોએ ૪૦૨.૫ કરોડના અર્હમ જાપના પચ્ચખાણ લીધા. આમ પ.પૂ. વિરાગગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં તપનો મહાયજ્ઞ મંડાયો.

## શ્રી ક.દ.ઓ સર્વોદય મંડળની સુધારીત સભ્ય યાદી

શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ મુલુંડ દ્વારા મુલુંડમાં વસ્તા કેડીઓ જ્ઞાતિજનોની અપગ્રેડિંગ યાદી તૈયાર કરાઈ રહી છે. જે માટે મુલુંડના બધા જ્ઞાતિ પરિવારો પોતાના તથા પોતાના પરિવારના સભ્યો માઈનોર સહિતના સૌની માહિતી જેવી કે પુરૂનામ, સરનામું, બલ્ડગ્રુપ, મોબાઈલ નંબર, વોટસએપ નંબર, ઈ મેઈલ આઈ ડી, જન્મ તારીખ, વ્યવસાયની માહિતી સાથે લેટેસ્ટ વ્યક્તિગત ફોટો અને બધા મેમ્બર સાથેનો ફોટો જે મોબાઈલથી લીધેલ હશે તો પણ ચાલશે.

ઉપરોક્ત માહિતી નીચે આપેલ વોટસએપ નંબર પર કોઈપણ એકને મોરલાવી કાશ્મિરા ચુરલા ૯૮૨૦૫૬૬૪૪૮, વિરાજ ધુલ્લા ૯૮૨૦૯૬૬૯૬૬, નૂતન ધુલ્લા ૯૩૨૦૭૨૭૩૩૧.

## હુબલી સંઘમાં દાદા શ્રી કલ્યાણ સાગરસુરિશ્વરજી ગુરૂપ્રતિમા પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન હુબલી સંઘમાં પ.પૂ. મુનિપ્રવર ગુરૂદેવશ્રી ધર્મપ્રભ સાગરજી મ.સા.ની નિશ્રામાં ગુરૂ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન ભવ્યતાથી યોજાયો. સકળસંઘના શ્રાવક શ્રાવિકાઓની ઘન્યતા ભરી ઉપસ્થિતિથી પ્રસંગ શોભી ઉઠ્યો હતો. ધર્મ ભક્તિ, પૂજા આરાધના અને અભિષેકના આયોજન ઉમંગથી યોજાયા હતા.

# વસઈ સંઘમાં સર્વોદય જ્ઞાન સંસ્કાર શિબિર આયોજન

દિવાળી વેકેશન અનુલક્ષી ૧૩ થી ૨૬ વર્ષના સમસ્ત કચ્છી સમાજના બાળકો-યુવાનો માટે તા. ૨૭ ઓક્ટોબર રવિવારથી તા. ૩ નવેમ્બર રવિવાર પર્યંતની જાયભશફસ For Teen Youth માટે સર્વોદય જ્ઞાન સંસ્કાર શિબિર આયોજીત કરાઈ છે. આ શિબિરના લાભાર્થી લીલાવંતીબેન સતિષભાઈ નાગડા નરેડીવાળા હસ્તે શાસન, દિપના કીર્તિ નાગડા તથા કાવ્યા પ્રિયાંશ ભાગવા પરેશ ગડા ભોજાય. આવતા અઠવાડિયે શિબિર ફોર્મ ભરીને નામ રજીસ્ટ્રેશન કરાવી લેશોજી. જ્ઞાન, ધર્મ અને સંસ્કારનો ત્રિવિધ ગુણ લાભ પામવાનો આ અદ્ભૂત અનેરો અને અલભ્ય અવસર છે. આ તક ચૂકાય નહીં.

# શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમની જનરલ સભા તા. ૨૨ સપ્ટે. ધુલિયા મુકામે યોજાશે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમની જનરલ સભા તા. ૨૨ સપ્ટેમ્બર રવિવારના શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ જિનેન્દ્ર સાગર સૂરિશ્વરજી શ્રી કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ, કોન્વેન્ટ સ્કૂલ સામે ચાલીસગાંવ ૮૦ ફિટ રોડ, ધુલિયા ખાતે બપોરના ૧ કલાકે પ્રમુખ તિલકચંદભાઈ નરશીભાઈ દંડની અધ્યક્ષતામાં આયોજિત કરાઈ છે.

જનરલ સભાના એજન્ડામાં સદગતોને શ્રદ્ધાંજલિ, પાછલી મિનીટ બુકનું વાંચન કરી કાયમ કરવી, અહેવાલનું વાંચન, ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીના ઓડિટ હિસાબને મંજૂરી, વર્ષ ૨૦૧૯, ૨૦ના અંદાજપત્રકને મંજૂરી તેમજ કારોબારીની મિટીંગમાં લેવાયેલાા નિર્ણયોને મંજૂરી આપવી ચાલુ હિસાબી વર્ષ માટે ઓડીટરની નિમણૂક કરવી તેમજ પ્રમુખ સાહેબની મંજૂરી તાત્કાલિક સમય પર આવેલ વિષયો પર ચર્ચા વિચારણા કરી તેમજ મંજૂરીથી તાત્કાલિક સમય પર આવેલ વિષયો પર ચર્ચા વિચારણા કરી. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ દિવસ અને તેજ સ્થળે મળશે. એવી મીટીંગ માટે સૂચના મહારાષ્ટ્ર એકમના માનદ મંત્રી ગોવિંદજી નેણશી સોની ધુલિયા દ્વારા અપાઈ છે.

વિશેષ નોંધમાં ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગ સ્થળે રાખવામાં આવેલ છે. વિગત સંપર્ક માટે ગોવિંદજી નેણશી સોની મો નં. ૯૯૨૩૪૬૭૬૪૦ તથા કેતન ગોસર ૯૪૨૨૨૮૮૬૧૬.






# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● લંડન સ્થિત યુ.કે. લેવા પટેલ કોમ્યુનિટીના અતિ મહત્વાકાંક્ષી ઈન્ડિયા ગાર્ડન પ્રોજેક્ટને ૧૨૦ કરોડ રૂપિયાને માતબર ખર્ચે સાકાર કરવા તેમજ બ્રિટન પ્રવાસે આવેલા ભુજ સમાજના પ્રતિનિધિઓના વિચાર જાણવા નોર્થ હોલ્ટ યુ.કે.કોમ્યુનિટી પરિસરમાં અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં વિશ્વના તમામ લેવા પટેલ સમાજો એક અકમ તરીકે કામ કરે તેવા સૂચનને વધાવી લેવાયું હતું. હાલ યુગાન્ડા, યુ.કે., આફ્રિકા તેમજ માદરે વતન કચ્છમાં અબજોના સામાજિક સેવાકીય કાર્યો પ્રગતિમાં છે. ત્યારે દરેક સમાજ એકમ એકબીજાને સંસ્થાકીય ધોરણે સાથ સહયોગ આપવાની પરંપરા મજબૂત બનાવવા કહ્યું હતું.

● સુપાર્શ્વ જૈન સેવામંડળ સંચાલિત કલાપૂર્ણ સૂરિ કરૂણાધામ અમરસન્સ પશુ હોસ્પિટલ ભુજ ખાતે નેમિનાથ દીક્ષા કલ્યાણક મહોત્સવની અનોખી ઉજવણી કરાઈ હતી. નવનીત નગર ઉપાશ્રયમાં ચાતુર્માસ ગાળતા સાધ્વી આનંદકિરણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ભુજ કવીઓ જૈન સંઘ દ્વારા ૧૦૦ નબળી ગાયોને અધ્યક્ષ તારાચંદ છેડા અને ટ્રસ્ટીઓના હસ્તે ગોળ ખવડાવીને ભગવાન નેમીનાથના દીક્ષા કલ્યાણકની ઉજવણી કરાઈ હતી. આ અવસરે દાતાઓ દ્વારા દાન આપવાની જાહેરાત કરાઈ હતી.

● ભચાઉના ભટ્ટપાળિયા વિસ્તારમાં યુવા નવ નિર્માણ ટ્રસ્ટ તથા ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિમિટેડ સામખિયાળીના સહયોગથી મેડિકલ કેમ્પ યોજાયો જેમાં ૨૦૦ દર્દીઓની સારવાર કરાઈ તેમજ દવાઓ તથા ચેકઅપ નિઃશુલ્ક કરાયા હતા.

● કચ્છ જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી તલાટી સહમંત્રીઓ ઉપર થતાં જીવલેણ હુમલાના કારણે ભયનું વાતાવરણ ફેલાયું છે. સરકાર દ્વારા વારંવારના હુમલા અટકાવવા એકશન પ્લાન બનાવાય તેવી જિલ્લા કલેક્ટર કચેરીને કચ્છ જિલ્લા તલાટી મંડળ આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી. વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તો અસામજિક તત્વોમાં કાયદાનો ડર પેદા થશે. સાફ વાતાવરણ અને પ્રોત્સાહક પગલાંથી કર્મચારીઓની કાર્યક્ષમતા વધશે તેમજ તલાટી સહમંત્રીઓ સ્વમાન ભેર પોતાની ફરજ બજાવી શકશે.

● માંડવી રોટરી ક્લબ દ્વારા બિદડા ગામે ડાયાબિટીસ જાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનાર રામમંદિરમાં યોજાયો. મુખ્ય વક્તા ડૉ. પુનિત વસાએ આખા વિશ્વમાં ડાયાબિટીસનું પ્રમાણ કૂદકે ને ભૂસકે વધતું જાય છે. તેમાં ભારતમાં સૌથી વધારે ઝડપથી વધે છે. એક સર્વે પ્રમાણે ૨૦૨૫ની સાલમાં વિશ્વમાં સૌથી વધારે ભારતમાં ડાયબિટીસના દર્દીઓ હશે. ડાયાબિટીસ થવાનાા કારણોમાં બેઠાડુ જીવન અયોગ્ય આહાર શૈલી. મેદસ્વી પણું વિગેરે છે. તેમણે દરેકને ઓછામાં ઓછા અડધો કલાક ચાલવાની સલાહ આપી હતી.

● ભચાઉના ભટ્ટપાળિયા વિસ્તારમાં યુવા નવ નિર્માણ ટ્રસ્ટ તતા ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિમિટેડ સામખિયાળીના સહયોગથી મેડિકલ કેમ્પ યોજાયો જેમાં ૨૭૦ દર્દીઓની સારવાર કરાઈ તેમજ દવાઓ તથા ચેકઅપ નિઃશુલ્ક કરાયા હતા.

● કચ્છ જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી તલાટી સહમંત્રીઓ ઉપર થતાં જીવલેણ હુમલાના કારણે ભયનું વાતાવરણ ફેલાયું છે. સરકાર દ્વારા વારંવારના હુમલા અટકાવવા એકશન પ્લાન બનાવાય તેવી જિલ્લા કલેક્ટર કચેરીને કચ્છ જિલ્લા તલાટી મંડળીએ આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી. વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવેતો અસામાજિક તત્વોમાં કાયદાનો ડર પેદા થશે. સાફ વાતાવરણ અને પ્રોત્સાહક પગલાંથી કર્મચારીઓની કાર્યક્ષમતા વધશે તેમજ તલાટી સહમંત્રીઓ સ્વામાન ભેર પોતની ફરજ બજાવી શકશે.

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડીમાં સંસ્કાર, સેવા અને શાસનપ્રેમ સમજણની રસ થાળ શિબિર યોજાશે

હાલર પંથકના ધર્મ, ભક્તિ અને તપના ભવ્યનગર મોટી ખાવડીના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલય ધામે દિવાળી વેકેશનની રજાઓનો મોકો ઝડપી સંસ્કાર, સેવા, શાસન પ્રેમ, સમજણના રસથાળ જેવી અદ્દભૂત શિબિર તા. ૩ નવેમ્બર ૨૦૧૯ રવિવારથી તા. ૭ નવમ્બર ૨૦૧૯ ગુરૂવાર સુધી જેમાં શ્રી ચંદ્ર પાર્શ્વ પ્રભુદાદાની પૂજા અર્ચના-સ્તવનાનો અમૂલ્ય લ્હાવો મળશે.

મોટી ખાવડીના સમસ્ત પરિવારો, વહાલી નિયાંણીઓ તથા બાળકોને ખાસ આ અલભ્ય તક છે. ધર્મ સંસ્કાર શિબિરમાં ભાગ લેવાથી પૂ. ગુરૂમૈયાના સાંનિધ્યમાં રહેવાનો અલૌકિક અવસરપ્રાપ્ત થશે. યોગાસનો, જૈન ધર્મની વિવિધ જ્ઞાનવર્ધક કસોટીઓ, જ્ઞાન ગમ્મતનો ખજાનો પ્રભુમિલન, સંવેદના, સમૂહ આરતી વિરતી ધર્મની આરાધનાઓ, અનુષ્ઠાનો રાત્રે રાસ ગરબા વિગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોથી હૈયાના મહાસાગરમાં હેતના હિલોળા લેતી ભરતી જેવા સોનેરી પ્રસંગો સર્જાશે.

શિબિરાર્થીએ પ્રવેશ ફોર્મ ભરી તા. ૨૦ ઓક્ટોબર સુધી જૈન દેરાસર મોટી ખાવડી મોકલી આપવા. વધુ વિગત માટે તેમજ ફોર્મ માટે પંકજભાઈ ૯૮૯૮૨૧૪૧૩૧ નો સંપર્ક કરવો.

# મોટી ખાવડી સંઘમાં આયંબીલ ઓળીનું આયોજન

મોટી ખાવડી સંઘમાં પ.પૂ.મહોદયાશ્રીજી મ.સા.ના સંયમષષ્ઠી પ્રવેશની અનુમોદનાર્થે વિ.સં. ૨૦૭૫ આસો સુદ ૭ શનિવાર તા. ૫ ઓક્ટોબર ૨૦૧૯થી આસો સુદ પૂનમ રવિવાર તા. ૧૩ ઓક્ટોબર ૨૦૧૯ સુધી આસો માસમી આયંબીલ ઓળીનું આયોજન કરાયું છે. આયંબીલની ઓળીનો સંપૂર્ણ લાભ માતુશ્રી ઝવેરભાઈ રતનશી લોડાયા પરિવાર મોટી ખાવડી-મુલુંડ હસ્તે અં.સૌ. ગીતા નવીનચંદ્ર લોડાયા, અ.સૌ. આરતી અમિત લોડાયા, તથા ચિ. આદિ અને ચિ. આંશીએ લીધેલ છે.







# ક.દ.ઓ. સર્વોદય મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



શ્રી કચ્છી દશા ઓસવાલ સર્વોદય મંડળ-મુલુંડની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, ૦૮ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાની હોલ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ખાતે પ્રમુખશ્રી મયુર મણીકાંત ધુલ્લાના અધ્યક્ષસ્થાને આ બેઠક મળી હતી. મીટિંગની શરૂઆત ''નવકાર મંત્ર'' થી કરવામાં આવી હતી. પ્રમુખશ્રી એ મીટીંગમાં ઉપસ્થિત તમામ સભ્યોને આવકાર્યા હતા.

મંડળની પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રમુખશ્રી મયુર મણીકાંત ધુલ્લાએ તેમજ મહિલા વિભાગ નો અહેવાલ શ્રીમતી હંસાબેન ખોના દ્વારા ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમ તથા યોજાનારા કાર્યક્રમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

મંડળ ના ખજાનચી શ્રી રોપીન જયચંદ નાગડા દ્વારા ગતવર્ષના હિસાબોનું વાંચન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી મયુર મણીકાંત ધુલ્લાએ હાજર રહેલ સભ્યોને મંડળ ની વર્તમાન પ્રવૃત્તિ વિષે ચિતાર આપ્યો હતો. તેમજ ખાસ કરી ને યુવાધન ને મંડળ ના સભ્ય બનવા અને દરેક પ્રવુતિ માં હાજર રહી સાથ અને સહકાર આપવા હાકલ કરી હતી. સભા નું સફળ સંચાલન મંડળ ના માનદમંત્રી શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતા દ્વારા કરવામાં આવ્યું હતું.



# Let us Know More about Our Medical Partner

METROPOLIS
The Pathology Specialist

**Discount for ALL KDOs who Flash their KDO Global Card: 25% at all Metropolis Owned centres….**

## Other Highlights!

- One of the Leading diagnostics companies in India.
- Have widespread presence across 19 states in India
- offer a broad range of approximately 3,487 clinical laboratory tests and 530 profiles
- laboratory network consists of 115 clinical laboratories
- **Accreditation: CAP, NABL,** clinical laboratory machines are approved by the US FDA.
- **Awards:** Diagnostic Services Company of the Year, Best in Health and Fitness, Iconic Pathology Lab Award by Mid-Day Health & Wellness Awards, Outstanding Quality Diagnostic Services
- **Home Sample Collection:**
  - Flexible timings: Understand your needs and hence collect samples as early as 6:30AM or late evenings
  - Customers can book home visit through a call/sms or by filling a simple online form
  - Printed and Email Reports for your records
  - Sunday Services: We go the extra mile for your convenience. We collect samples even on Sundays!
  - **Ex: Mumbai**
    Contact No: 1860 210 1010/ 6650 5555
    E-mail: support@metropolisindia.com
- Website : www.metropolisindia.com
- '**Center Locator'** on website can help you with Collection center details nearby your house.
- '**Blood Test @Home**' on website gives you Contact Number and E-mail to contact your city Center for Home Sample Collection.

- **We are coming up with Two Heart Check Packages on account of World Heart Day with More than 25% Discount!!!**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
Reg. No. A 3926 (Mumbai)
મેડિકલ સમિતિ

# Heart Check Packages with Special OFFER on account of *World Heart Day !*

Heart Check Package-1 Rack Rate: 700/- Discounted at : 399/-

Heart Check Package-2 Rack Rate: 1450/- Discounted at : 799/-

Validity of Package: 29th Sept 2019 Till 29th Oct 2019

**Package Details:**

| Word Heart Day Package-1 | | |
|---|---|---|
| **Sr. No.** | **Tests** | **Offer Rate** |
| 1 | Total Cholesterol | |
| 2 | HDL | |
| 3 | Non HDL | |
| 4 | LDL | **399/-** |
| 5 | VLDL | |
| 6 | Triglycerides | |
| 7 | Ratio | |

| Word Heart Day Package-2 | | |
|---|---|---|
| **Sr. No.** | **Tests** | **Offer Rate** |
| 1 | Total Cholesterol | |
| 2 | HDL | |
| 3 | Non HDL | |
| 4 | LDL | |
| 5 | VLDL | |
| 6 | Triglycerides | |
| 7 | Ratio | |
| 8 | Lp(a) | |
| 9 | Apo lipoprotein B/A1 | **799/-** |

**Please Note:**

- Kindly Carry Xerox copy of Your KDO Global Card along with Original Hard/Soft Copy to avail this offer.
- This Offer is Valid at Metropolis Owned Centers Only.
- Complete Center List for your nearest location is available on Website: www.metropolisindia.com
- You shall meet your family physician with all your reports once done.

## Experiences Shared by our Community Members on availing the Metropolis Facility with KDO Global Cards:

**We always have a goodexperience at Metropolis but this time it was DELIGHT!**

I have done quite some blood tests at Metropolis for myself and I regularly visit with my other family members too and the service each time has been very good. From punctuality to interaction with me to needles and equipment being new and good quality to which the ease they remove blood, to timely email and delivery of test reports, I am very happy with the service.

This time there was special surprise! My mother handed over **KDO Global Cards** of myself and my Dad, when we were about to leave for our tests. When we flashed those cards at Centre, The lab technician contacted her boss promptly to confirm if discount was available for **Shri Samasta KDO Jain Mahajan**. In the meantime I had my blood sample collected by the lab technician. We got whooping 25% discount!! It was a kind of Icing on the Cake!

**Varun Shah, Thane.**

**KDOs should take advantage of the facility and get their KDO Global Cards made..**

KDO Global Card helped me with Good Discount i.e. 25% at Metropolis. Quality and Timely Reports and good service near to my house is a blessing! I feel more and more KDOs should take advantage of this facility and get their KDO Global Cards made..

**Hiren P. Dand, Parel**

**KUDOs to Team Metropolis & Shri SAMAST KDO Jain Mahajan!**

Thank you for your exceptional and prompt service by providing timely authentic reports on email and prints to all my patients. Your Home visit sample collection process is also Patient friendly and simple.

My Patients are happier as now being many of them have KDO Global Card and avail 25% Discount on all their routine tests! Thanks to this joint venture

**Dr Dharini A. Nagda, Sion**

**Compilation By**
Manisha Shah (Poladia)
**Medical Committee, Shri Samast KDO Jain Mahajan**

# ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા ઢોલ બાજે ૨૦૧૯નું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા વાર્ષિક પ્રોગ્રામની રજૂઆત ગરબા અને દાંડિયા રાસની ધમાલ સાથે ઢોલ બાજે ૨૦૧૯નું આયોજન તા. ૨૯ સપ્ટેમ્બર રવિવાર બપોરે ૩.૩૦ કલાકથી સારસ્વત વાડી ઝવેર રોડ મુલુંડ ખાતે કરાયું છે. પ્રવેશ નિ:શુલ્ક છે. ભાતીગળ વેશભુષા અને આભુષણ પરિધાન કરી સાથે દાંડીયા લઈ આવવા. કોમ્પિટિશન રાઉન્ડ ૪ કલાકે શરૂ થશે. જેના વિજેતાને ઈનામની નવાજેશ કરાશે. કાર્યક્રમના સ્પોન્સર પ્રભાબેન જવેરચંદ મોમાયા અને ડૉ. જયંતિ કિશોર લાલકા છે. વધુવિગત માટે દિપા નાગડા. ૯૨૨૪૩૪૫૦૦૦ અને રાની નાગડા ૯૩૨૪૫૪૪૫૨૪ નો સંપર્ક કરવો.

## એલ એન્ડ ટી પ્રોજેક્ટ એવોર્ડના માનાર્થી ચિંતન મુનવર

કન્સ્ટ્રશન અને ટેકનોલોજી ક્ષેત્રની મલ્ટી નેશનલ જાયન્ટ કું. લાર્સન એન્ડ ટુર્બોના બીઆઈએસ ૨૦૧૯નો દ્વિતિય એવોર્ડનો પુરસ્કાર ચિંતન ચેતનભાઈ મુનવર જખૌ-બેલ્બારી વાળાને મળ્યો છે. એલએન્ડટી બીઆઈએસ પ્રોજેક્ટનો બેચ ૨૦ના આ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત કરનાર ચિંતન મુનવરને લાખ લાખ અભિનંદન.





## જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વૉટસએપ પર મોકલો

9322257731




# જીવન ઘટમાળ

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૯-૨૦૧૯ | થાણે (પ) | કિશોર ભારમલ નાગડા | કુઆપધર | ૭૭ |
| ૧૧-૦૯-૨૦૧૯ | બાયઠ | દેવજી માણેક ગોસર | બાયઠ | ૮૫ |
| ૧૨-૦૯-૨૦૧૯ | સાયન | અશોક કાનજી મુનવર | જખૌ | ૬૩ |
| ૧૨-૦૯-૨૦૧૯ | હુબલી | લીલાવંતી વીરચંદ ખોના | બારોઈ | ૭૭ |
| ૧૫-૦૯-૨૦૧૯ | ભાવનગર | ઉપેંદ્ર સુધાકર લાપસીયા | નલિયા | ૮૨ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**




## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે निवृत्त હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**


KDO **Gyatimaiya** Weekly E-magazine KDO